નવગુજરાત સમય

EDIમાં આશ્રય ટેક્નો સોશિયલ ઇન્ક્યુબેટરનું ઉદઘાટન કરતા ડો. કલામ

# આપણી એમ્પ્લોયમેન્ટ જનરેશન સિસ્ટમ નોકરી આપવા સક્ષમ નથી


તસવીરઃ ધાર્મિક ચૌહાણ

- બાળકોના અભ્યાસક્રમમાં સર્જનાત્મકતા, સ્વતંત્રતા અને સમૃદ્ધિ મેળવવાની ક્ષમતાનો પણ સમાવેશ થવો જોઇએ

**નવગુજરાત સમય** > અમદાવાદ

'આપણા દેશમાં દર વર્ષે ૩ મિલિયન ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અને ૭ મિલિયન બાર ધોરણ પાસ વિદ્યાર્થીઓ નોકરી મેળવવા માટેની કતારમાં જોડાય છે, પણ આપણી એમ્પોલયમેન્ટ જનરેશન સિસ્ટમ આ યુવાનોની પુરેપુરી ક્ષમતાનો ઉપયોગ કરીને તેમને નોકરી આપવા માટે સક્ષમ નથી. તેથી આ વિદ્યાર્થીઓમાં આન્ત્રપ્રિન્યોરશીપનો માહોલ ઊભો કરવા માટે તેમના અભ્યાક્રમમાં સર્જનાત્મકતા, સ્વતંત્રતા અને સમૃદ્ધિ મેળવવાની ક્ષમતાનો પણ સમાવેશ થવો જોઇએ.' આ શબ્દો છે પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના. આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા ખાતે 'આશ્રય ટેક્નો સોશિયલ ઇન્ક્યુબેટર'ના ઉદઘાટન પ્રસંગે ડૉ. કલામે 'એમ્પાવરિંગ એજ્યુકેશન વીથ આન્ત્રપ્રિન્યોરશીપ ગોલ' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

તેમણે દેશમાં આ પ્રકારનો માહોલ ઊભો કરવાની યુવાનોની સંયુક્ત જવાબદારી વિશે વાત કરતાં જણાવ્યું કે, 'દેશમાંથી ગ્રામ્ય-શહેરી, અમીર ગરીબ, વિકસિત વિકાસશીલ જેવા ફેરફારો દૂર કરવા પડશે. દુનિયાને સમાન ઊર્જા અને ગુણવત્તાસભર પાણીની વહેંચણી કરવી પડશે. જ્યાં દરેક સમાજના બાળકો એક સાથે એક સરખા મૂલ્યોથી શિક્ષણ મેળવે, જ્યાં પારદર્શક અને ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ હોય, જ્યાં બાળકો અને મહિલાઓની સંપૂર્ણ સલામતી હોય, જે આતંકવાદમુક્ત, શાંત રાષ્ટ્ર હોય. તેવા દેશની યુવાનોએ રચના કરવી પડશે.' જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે બે દેશો વચ્ચેનો વ્યવહાર સુધારવા માટે તેમણે બ્રહ્મોસ મિસાઇલ માટે ભારત અને રશિયા વચ્ચે થયેલાં કરારનું ઉદાહરણ આપતાં કહ્યું કે, 'ભાગીદારીમાં કામ કરવાથી સ્પર્ધકને બદલે મિત્ર રાષ્ટ્રોની સંખ્યા વધારી શકાશે, આ રીતે બને તેટલા વધુ દેશોએ બને તેટલા વધુ દેશો સાથે ભાગીદારીમાં કામ કરવું જોઇએ, તો જ વૈશ્વિક શાંતિ અને વિકાસનો માહોલ બનશે.' ડૉ. કલામે બાળકોના સવાલોના જવાબ પણ આપ્યા હતા. આ પ્રસંગે ઇડીઆઇના ડિરેક્ટર ડૉ. દિનેશ અવસ્થીએ તેમનો પરિચય આપ્યો હતો. તેમજ આશ્રય ઇન્ક્યુબેટર્સના ડિરેક્ટર મણી એય્યરે ઇન્ક્યુબેટર સેન્ટરના આગામી પ્રોજેક્ટ્સ વિશે વાત કરી હતી.